ડીસામા રામનવમી ધામધૂમથી ઉજવાઈ

ડીસામાં રામનવમીની ઠેર ઠેર ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ડીસામાં રામજી મંદિર ખાતે વિવિધ વર્ગો દ્વારા ભગવાન રામની પૂજા અર્ચના કર્યા બાદ ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે રીસાલા મહાદેવ, હીરા બજાર, સરદાર બાગ અને સોની બજારમાં થઈને નિજ મંદિરે પરત ફરી હતી. શોભાયાત્રામાં બેન્ડ પાર્ટીઓ, ઊંટલારીઓ, રથ અને વિવિધ ઝાંખીઓ તેમજ વેશભૂષામાં સજ્જ બાળકોએ આકર્ષણ જમાવ્યું હતું. અને સમગ્ર શહેરના માર્ગો ઉપર શ્રીરામના નાદથી ગુજ્યાં હતા.

(તસવીર : કાન્તીલાલ લોધા)

ખોરાક ઔષધતંત્ર પાસે પછાત જાતિ માટેના છાત્રાલયોની માહિતી નથી

હિંમતનગર, તા.૨

સરકારશ્રીની અનુદાનથી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિ, સમાજ સુરક્ષા તથા શિક્ષણ ખાતાના કન્યાકુમાર છાત્રાલયો ચાલે છે. જેની નોંધ ખાદ્ય ઔષધખાતા સમક્ષ નોંધ જ નથી. જેથી ગુણવત્તાયુક્ત તથા ચોકસાઈવાળો ખોરાક મળે છે કે નહિ તેની યોગ્ય ચકાસણી ખોરાક ઔષધ તંત્ર પાસે કોઈ જ માહિતી નથી. તે જ રીતે અનુસૂચિતજાતિ, જનજાતિ, વિકસતી જાતિ, ખાતાઓમાં પણ માહિતી નથી. પરિણામે હજારો બાળકોને કુપોષણનો રોગ લાગુ પડે છે. જે અંગેની માહિતી સામાજિક કાર્યકર શ્રી રમેશચંદ્ર હરીચંદ્ર ચોકસીએ સરકારમાં માંગેલ છે. આ અંગે યોગ્ય કાર્યવાહી સરકાર તંત્ર દ્વારા થશે તેમ જણાવેલ છે.

(તસ્વીર : સમીર બલોચ, બાયડ)

છેલ્લાં ૧૫ દિવસથી રાજયના તમામ સુર્વણકારો દ્વારા સમગ્ર રાજયમાં કેન્દ્ર સરકારે બજેટમાં જે એકસાઈઝ ડયુટી લાદવામાં આવી છે તેનો વિરોધ સખ્ત રીતે કરવામાં આવી રહયો છે. પરંતુ સરકાર પોતાના નિર્ણય ઉપર મકકમ હોય તેમ કોઈ પ્રકારે ઝુકવા માંગતી નથી, તો આ બાજુ રાજયના તમામ સુર્વણકારો પણ આ બાબતે ઝુકવા તૈયાર નથી, તેના ભાગરૂપે સૂર્વણકારો કેન્દ્ર સરકાર વિરોધમાં કોઈને કોઈ કાર્યક્રમો આપી રહયા છે. સખ્ત વિરોધના પગલે બાયડ તાલુકાના સુર્વણકારો દ્વારા આજે એક મશાલ રેલીનું આયોજન કરી આ એકસાઈઝ ડયુટીનો જોરદાર વિરોધ કરી સરકાર વિરૂધ્ધ સુત્રો ઉચાર્યા હતા.

કડોલી ગામ નજીક વિદ્યાર્થિનીની છેડતી કરતા ત્રણ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કડોલી ગામ નજીક રવિવારે રાત્રીના ગામના ત્રણ ઈસમોએ ભેગા મળી ગામની એક વિદ્યાર્થિનીનું અપહરણ કરી લઈ જઈ તેની છેડતી કરતા ત્રણ ઈસમો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ છે.

હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકથી મળેલ વિગત મુજબ નવી કડોલી ગામે રહેતા ભાવેશભાઈ જયંતીભાઈ પટેલની ધોરણ-૯માં અભ્યાસ કરતી દીકરીને રવિવારે રાત્રીના સમયે જૂની કડોલી ગામના જીગ્નેશ વિષ્ણુભાઈ સુથાર, સંજય પ્રધાનજી ઠાકોર અને ગામાનસિંહ ઝાલા આ ત્રણે જણાયે મોટરસાઈકલ પર અપહરણ કરી કડોલીથી ખેડાવાળા માર્ગ પર એક ખેતરના સેઢા પર લઈ ગયેલ જ્યાં તેની સાથે જીગ્નેશ વિષ્ણુભાઈ સુથારે તેણીની સાથે છેડછાડ કરતા રાત્રીના ૧૨.૧૫ વાગે કડોલી ગામના કેટલાક છોકરાઓ ક્રિકેટ રમી આવતા હતા તે સમયે તેમણે બુમો પાડતા ત્રણે ઈસમો નાસી ગયા હતા. છોકરીને આ છોકરાઓએ તેના ઘરે પહોંચાડી હતી. આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે વિદ્યાર્થિનીની પિતાએ સોમવારના રોજ ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મામાં એકસાઈઝ ડ્યુટીના વિરોધમાં સુવર્ણકારોના ધરણાં

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મામાં સોમવારે સોના-ચાંદીના વેપારીઓએ ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનોએ એકસાઈઝ અને કસ્ટમ ડ્યુટી દૂર કરવા ઉગ્ર માંગ ઉઠાવી હતી. સવારે વેપારીઓએ માણેકચોકથી વિશાળ રેલી કાઢી પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું હતું. બાદમાં વેપારીઓએ કાળી પટ્ટી ધારણ કરી માણેક ચોકમાં ધરણાનો કાર્યક્રમ કરી એક્સાઈઝ અને કસ્ટમ ડ્યુટી સત્વરે નાબૂદ કરવામાં આવે તેવી માંગ કરી હતી. આ ધરણા કાર્યક્રમમાં નરેન્દ્રભાઈ સોની, હસમુખભાઈ સોની, ધિરૂભાઈ સોની, સૂર્યકાન્ત છોટાલાલ સોની, વસંતભાઈ સોની, સહિત અનેક સુવર્ણકાર જોડાયા હતા.

હિંમતનગરના યુવાને ૪૩ બોલમાં ૧૩૯ રન ફટકાર્યા

હોન્ડા બાઈક અને રૂ. ૧૧,૦૦૦ રોકડાનો પુરસ્કાર મેળવ્યો

હિંમતનગર, તા. ૨

હિંમતનગરના મહેતાપુરા ખાતે બાપાસીતારામ નાઈટ ટૂર્નામેન્ટમાં ગજેન્દ્ર ઈલેવન અને આમંત્રણ ઈલેવન વચ્ચે રમાયેલ મેચમાં આમંત્રણ ઈલેવનના ખેલાડી આશિફ લુહારે શાનદાર સદી ફટકારી પોતાની ટીમને વિજયી બનાવી હોન્ડા બાઈક તેમજ રૂ. ૧૧,૦૦૦ રોકડ પુરસ્કાર મેળવ્યો હતો.

હિંમતનગરના મહેતાપુરા ખાતે બાપા સીતારામ નાઈટ ટૂર્નામેન્ટ યોજાઈ રહી છે, જેમાં રવિવારે આમંત્રણ ઈલેવન અને ગજેન્દ્ર ઈલેવન મેચ યોજાઈ હતી. જેમાં આશિફ લુહારે સદી ફટકારી આમંત્રણ ઈલેવનને વિજય અપાવતા ઈબ્રાઈમભાઈ કડીવાલા, આબિદ આમંત્રણ અને જાવેદભાઈ મામુ તરફથી રૂ. ૧૧,૦૦૦નો રોકડ પુરસ્કાર ઈનામ આપવામાં આવ્યું હતું. જ્યારે અઝીઝ લુહાર તરફથી હોન્ડા બાઈકની ભેટ મળી હતી. આશિફ લુહારની સતત બીજી સદીથી ટીમમાં આનંદ અને ઉલ્લાસની છોળો ઉઠી હતી. આશિફ લુહારે યામ નાઈટ, ડે ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૨માં ઈડર વગડા ઈલેવન સામે તેજપુરા ઈલેવનમાં ૪૩ બોલમાં ૧૩૯ રન કરી રેકોર્ડ બનાવ્યો હતો.

વિકલાંગોને ધંધા શિક્ષણ માટે ૨૦ લાખ સુધીની લોન મળશે

ગુજરાતમાં રહેતા તમામ જ્ઞાતિના વિકલાંગ લોકો માટે ધંધાકીય તેમજ ઉચ્ચ શક્ષણ માટે લોન આપવાનું આયોજન કરેલ છે. ઉપાધ્યક્ષ કાદરભાઈ સલોતે જણાવેલ કે, કોઈપણ જ્ઞાતિના ૪૦ ટકા કે તેનાથી વધુ વિકલાંગતા ધરાવતા લોકો માટે અલગ અલગ પ્રકારના ઉપ ધંધાઓ માટે લોનોની યોજના, કોઈપણ જ્ઞાતિના વિકલાંગ ગુજરાત કે ભારતભરમાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા હોય તેઓને ૧૦.૦૦ લાખ સુધી ૬ ટકાના દરે અને વિદેશ ભણવા જવાનું હોય તો ૨૦.૦૦ લાખ સુધી વાર્ષિક વ્યાજ ૮ ટકાના દરે અને ધંધાકિય લોનો માટે વાર્ષિક વ્યાજ ૫ ટકા વ્યાજે વિકલાંગ બહેનો માટે દરેક લોનો માટે નિયત દર કરતાં ૧ ટકા ઓછું વ્યાજ લેવામાં આવશે.

બેરોકટોક શરૂ થયેલી શેરડી અને તડબૂચની દુકાનોથી આડેધડ ગંદકી

ખેડબ્રહ્મા, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકા અને શહેરમાં જાહેર રસ્તાઓ પર ગરમીની શરૂઆત થતા જ અસંખ્ય પરપ્રાંતિય વેપારીઓ દ્વારા ઠંડા પીણા અને ઠંડા ફળોની દુકાનો બેરોકટોક અને આડેધડ ફુલીફાલી રહી છે. જેથી ઠંડક મેળવવા રહીશોના ટોળેટોળા મોડી રાત સુધી જાહેર માર્ગોપર નજરે પડે છે. તો ઠંડાપીણાના વેપારીઓ ગંદકી કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરે છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા ગામ અને શહેરી વિસ્તારમાં જાહેર માર્ગો પર અનેક ઠેકાણે પરપ્રાંતિય વેપારીઓ દ્વારા શેરડીના કોલા, જ્યુશ સેન્ટરો, તડબૂચની દુકાનો અને બારીઓ તથા અન્ય ઠંડાપીણાની દુકાનો બેરોકટોક અને આડેધડ ખોલી નાખવામાં આવી છે જ્યાં સ્વચ્છતાના અભાવે મોટા પ્રમાણમાં માખીઓ બણબણતી હોય છે. ઠંડા પીણાના સેન્ટરો ઉપર માખીઓનો ભારે ઉપદ્રવ અને ગંદકીના લીધે રહીશોના આરોગ્ય સામે ગંભીર ખતરો થઈ રહ્યો હોવાથી આરોગ્ય સામે રોગચાળાની ભ્રાતિ વર્તાય તેમાં લેશમાત્ર શંકા નથી. આ બાબતે ખાવા પીવાના શોખીનોને સ્વાદિષ્ટ મીઠો કેરીનો રસ નુકસાન કરે તે પહેલા તંત્રના અધિકારીઓ ઓચિંતી મુલાકાત દ્વારા તપાસ આદરી સ્વચ્છતા અને સફાઈ અંગે ઘટતી કાર્યવાહી હાથ ધરે તથા પરપ્રાંતિય વેપારીઓએ લીધેલા મકાનો અને રહેણાંક સ્થળોની પોલીસ સ્ટેશને નોંધ થઈ છે કે નહી, તે ભાડુઆત છે કે નહી સહિત અનેક બાબતોની તપાસ થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : રામજીભાઈ રાયગોર, શિહોરી)

કાંકરેજ તાલુકા મતક શિહોરીમાં સરકારશ્રીની ગટર યોજના મારફતે લગભગ ચાર કરોડના ખર્ચે ભૂગર્ભ ગટરનું આયોજન કરાતાં લોકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ ગટરનું પાણી પંપીગ દ્વારા ખેંચીને અલગ-અલગ બે જગ્યાએ સપ્લાય કરવામાં આવે શે અને એ પાણી દ્વારા સિંચાઈ માટે ઉપયોગ થવાનું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

૯૫ ફૂટ ઊંડા કૂવામાં પડેલા બાળકનો આબાદ બચાવ

મેઘરજ, તા.૨

મેઘરજ તાલુકાના સીસોદરા મેઘઈ ગામે ઘર પાછળ આવેલ ૯૫ ફુટ ઊંડા અને ૩૫ ફુટ પાણી ધરાવતા કુવામાંરમતાંરમતાંપડી ગયેલા બેવર્ષના બાળકનો અદભૂત બચાવ થતાં સમગ્ર પંથકમાં કુદરતની કરીશ્માનો આભાસ થઈ ગયો છે. આ બાળક કુવામાં પડતાં બાળકને બચાવવા કુવામાં માણસો ઉતર્યાત્યાંસુધી બાળક ૩૫ ફુટ પાણીમાં છબછબીયા કરતું હતું. બાળકને જાણે કોઈએ નીચેથી પકડી રાખ્યું હોય તેમ બાળકને બહાર કાઢવામાં આવ્યું ત્યાં સુધી પાણીના ઉપર જ તરી રહ્યું હતું. મેઘરજ તાલુકાના મેઘરજથી છ કી.મી. દૂર સીસોદરા (મેઘઈ) ગામે બનેલા આ અદભુત ઘટનાની મળેલ વિગત એવી છે કે સીસોદરા (મેઘઈ) ગામે પ્રા. શાળાના આચાર્ય અને સીસોદરા જુથ મંત્રી વીરાભાઈ કુબેરભાઈ પટેલના પુત્ર જયેશકુમારનો બે વર્ષનો બાબો સ્નેહ શનિવારના રોજ ઘરના પાછળના ભાગે રમી રહ્યો રહ્યો હતો કે જયાં વીરાભાઈનું ખેતર અને કુવો આવેલ છે. વીરાભાઈના પત્ની શનિવારે બપોરે બાર વાગ્યાના સમયે કુવા ઉપર મોટર ચાલુ કરેલ હોઈ ખેતરમાં પાણી વાળતાં હતાં અને આ સમયે ઘરની પાછળ રમતો નાનકડો સ્નેહ કુવા સુધી પહોંચી ગયો હતો અને સીધો કુવામાં પડી ગયો હતો. સ્નેહને પાછળ રમતો નજીકમાં રહેતા વીરાભાઈના ભાઈ ભુલાભાઈની પત્નીએ જોયો હતો જેથી તેમણે સ્નેહને ન જોતાં તેઓને ફાળ પડી હતી કે સ્નેહ કુવામાં તો નથી પડયો અને તેમણે તરત જ બુમાબુમ કરતાં ઘર નજીક રહેતા પ્રવીણભાઈ પટેલ સહિત અન્ય લોકો પણ આવી ગયા હતા. આવેલ લોકોએ કુવામાં નજર કરતાં કુવામાં પડેલ બે વર્ષનો સ્નેહ પાણીની ઉપર છબછબીયાં કરી રહ્યો હતો આથી પ્રવિણભાઈ તથા અન્ય બેઈસમો કુવામાં પાઈપ મારફતે ઉતરીને સ્નેહને પકડી લીધો હતો અને કુવાની બહાર કાઢયો હતો.

ખેડબ્રહ્મામાં ઝેરી મચ્છરોનો ઉપદ્રવ

ખેડબ્રહ્મા, તા.૨

ખેડબ્રહ્મા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી ઝેરી મચ્છરના ઉપદ્રથી તાવ, શરદી અને વાઈરલ ઈન્ફેકશનના દર્દીઓનો હોસ્પિટલમાં વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ મચ્છરના ભારે ઉપદ્રવથી રોગચાળો ફાટી નીકળવાની ભિતી સેવાઈ રહી છે ત્યારે તંત્ર સજાગ બની યોગ્ય પગલા ભરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેર તથા આસપાસના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી વિવિધ પ્રકારના ઝેરી મચ્છરોનો ભારે ઉપદ્રવ વધવા પામ્યો છે. જેથી આ વિસ્તારમાં વસવાટ કરતા લોકો ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. રહીશો રાત્રિ દરમિયાન ઉંઘી શકતા નથી તો નાના ભૂલકાઓને મચ્છરો કરડવાથી વિશેષ તકલીફ પડી રહી છે. પરિણામે તાવ, શરદી અને વાઈરલ ઈન્ફેકશનના દર્દીનો વધારો નોંધાયો છે. ભવિષ્યમાં આ મામલે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો રોગચાળો થવાની ભીતી સેવાઈ રહી છે ત્યારે કેટલાક વિસ્તારોમાં ભારે ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ ફુલ્યો ફાલ્યો છે જેના વિશે સ્થાનિક તંત્ર કંઈક ઘટતું કરે તેવી રહીશો ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયત દ્વારા ઠંડા મિનરલ પાણીનો પ્લાન્ટ પ્રજાજનો માટે ખુલ્લો મુકાયો

(તસ્વીર : સમીર બલોચ, બાયડ)

બાયડ, તા. ૨

સાબરકાંઠા જીલ્લામાં એક હજાર ઉપરાંત ગ્રામ પંચાયતો આવેલી છે. પંચાયતો છેલ્લા થોડા વર્ષોથી પ્રજાજનોની સુખાકારી માટે પંચાયતના સત્તાધીશો દ્વારા જુદી જુદી યોજનાઓના પ્રયત્ન કરવામાં આવી રહયા છે. સાબરકાંઠા જીલ્લામાં પુંસરી ગ્રામ પંચાયત ગુજરાતમાં પ્રથમ આવતા નવીન ચુંટાઈ આવતા સરપંચોમાં જાગૃતી આવવા લાગી છે. જે પ્રજાજનો માટે આશીર્વાદરૂપ સાબીત થવા પામી છે. તા.૧.૪.૨૦૧૨ના રોજ સાબરકાંઠાની મોટી પંચાયતોની એક એવી બાયડ તાલુકાની સૌથી વધુ ૧૨૦૦૦ ની વસ્તી ધરાવતી ડેમાઈ ગ્રામ પંચાયતમાં મીનરલની સાથે ઠંડા પાણીનો પ્લાન્ટ સાબરકાંઠા જીલ્લા પંચાયતના પ્રમુખ અને ભારસધ્યના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહીતી અ નુસાર સરકારની ૧ ઉમા નાણાપંચની તાલુકા યોજનામાં ડેમાઈ ગ્રામ પંચાયતમાં આ પ્લાન્ટ મંજુર કરવામાં આવ્યો હતો. ડેમાઈ ગામમાં ૨૩૦૦૦ ટી.ડી.એસ.નું પાણી મળતું હતું. જેના બદલે માત્ર ૬૦ થી ૧૦૦ ટી.ડી.એસ.નું પાણી મળવા લાગશે તેની સાથે મિનલર પ્લાન્ટના કારણે ઠંડુ પાણી પણ મળશે. પંચાયત દ્વારા વોટર વર્કસ નસ સાથે સાથે ઘેર ઘેર રાહત દરે પાણી મળે તે માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે અન્ય ગ્રાન્ટમાંથી મળેલ મીની ટ્રેકટર પુર્વ ધારસભ્ય ડૉ. મહેન્દ્રભાઈ પટેલ તથા સોલાર લાઈટ પુર્વ તાલુકા પંચાયતના પ્રમુખ ચુનીભાઈ પટેલના હસ્તે અર્પણ કરાયા હતા.

આ પ્રસંગે બાયડ નગરપાલીકાના પ્રમુખ જગદીશભાઈ કડવા પાટીદાર સમાજના પ્રમુખ મફતભાઈ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થીત રહયા હતા. જયારે ડેમાઈ ગામમાં આ બધી સુવીધાઓ ઉભી કરવા બદલ ગ્રામજનોએ સરપંચ મહેશભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com ● gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
અહેમદઉલ્લા શેખ	મોડાસા	૯૯૧૩૫૮૭૧૪૫
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
પ્રવિણભાઈ સોની	મેઘરજ	૯૪૨૮૫૫૪૯૫૪
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૯૩૨૮૩૧૧૫૭૫
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬